LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

ટ્રમ્પના ટૅરિફના વારને ખાળવા મુત્સદ્દીગીરીની જરૂર

અંતે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૭ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી દીધી. ટ્રમ્પે કરેલી જાહેરાત પ્રમાણે, અમેરિકામાં આવતા તમામ માલ પર ૧૦ ટકા બેઝલાઇન ટેરિફ લાદવામાં આવશે અને આ બેઝલાઇન ટેરિફ ૫ એપ્રિલના રોજ રાત્રે ૧૨:૦૧ વાગ્યે લાગુ થશે જ્યારે રેસિપ્રોકલ ટેરિફ ૯ એપ્રિલના રોજ રાત્રે ૧૨:૦૧ વાગ્યે લાગુ થશે. મતલબ કે, ભારતના માલ પર લદાયેલા ટેરિફમાંથી ૧૦ ટકા ટેરિફનો અમલ ૫ એપ્રિલથી થશે ને ૨૭ ટકાનો અમલ ૯ એપ્રિલથી થશે. ટ્રમ્પે વાઇટ હાઉસ રોઝ ગાર્ડનમાં મેક અમેરિકા વેલ્ધી અગેઇન કાર્યક્રમમાં રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરી.

ડોનલ્ડ ટ્રમ્પે ગયા મહિને જ એટલે કે ૭ માર્ચે જાહેરાત કરેલી કે, ૨ એપ્રિલથી અમેરિકામાં 'પારસ્પરિક ટેરિફ' લાગુ કરવામાં આવશે.

ટ્રમ્પે સ્પષ્ટતા પણ કરેલી કે, 'પારસ્પરિક ટેરિફ'નો અર્થ એ થાય છે કે ભારત અમેરિકા પર જેટલો પણ ટેરિફ લાદે છે એટલો જ ટેરિફ અમે પણ તેમના પર લાદીશું. ૭ માર્ચે ટેરિફની જાહેરાત પછી ટ્રમ્પે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, ભારત અમારી પાસેથી ખૂબ ઊંચા ટેરિફ વસૂલ કરે છે. ભારત અમેરિકાના માલ પર ૧૦૦ ટકા ટેરિફ લાદે છે અને તમે ભારતમાં કોઈ પણ માલ વેચી ના શકો એવી હાલત છે.

ટ્રમ્પ જે પ્રકારની વાતો કરતા હતા એ જોતાં લાગતું હતું કે, અમેરિકા ભારતના માલ પર ૧૦૦ ટકા ટેરિફ લાદી દેશે પણ તેના બદલે તેમણે ૨૭ ટકા જ ટેરિફ લાદ્યો છે. બીજું એ કે, આ ટેરિફનો અમલ પણ એક સાથે નથી થવાનો પણ બે પાર્ટમાં થવાનો છે.

સંપૂર્ણ ૨૭ ટકા ટેરિફનો અમલ ૯ એપ્રિલથી થવાનો છે. તેનો મતલબ એ થયો કે, ટ્રમ્પે ભારત સહિતના દેશોને એક અઠવાડિયાનો સમય આપ્યો છે. અત્યારે ટ્રમ્પ ૧૦ ટકા ટેરિફનો અમલ કરી રહ્યા છે ને એ રીતે તેમણે પોતે ટેરિફ લાદવા માગે છે એ સ્પષ્ટ કરી દીધું છે. હવે વધારાનો ટેરિફ લદાતો રોકવો હોય તો અમારી શરતો માનો એવો આડકતરો મેસેજ તેમણે આપ્યો છે. જે દેશો અઠવાડિયામાં ટ્રમ્પના પગ પકડી લેશે તેમના પર ૯ એપ્રિલથી વધારાના ટેરિફનો અમલ ના થાય એવું પણ બને.

ટ્રમ્પને ભારત પણ પગ પકડી લેશે એવી આશા હશે કેમ કે ટ્રમ્પ પહેલાં જ કહી ચૂક્યા છે કે, ભારત હવે તેના ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવા માગે છે કારણ કે અમે તેનાં દુષ્કૃત્યોનો પર્દાફાશ કરી રહ્યા છીએ. ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ભારતે અમેરિકન ઉત્પાદનો પર ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.

ટ્રમ્પે એવું પણ કહેલું કે, ઘણા દેશો તેમના ટેરિફ ઘટાડશે કારણ કે તેમને ખ્યાલ છે કે તેઓ અમેરિકા સાથે ખોટા હતા. યુરોપિયન યુનિયન પહેલાંથી જ ટેરિફ ઘટાડીને ૨.૫ ટકા કરી ચૂક્યું છે અને મને તાજેતરમાં ખબર પડી કે ભારત પણ તેના ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવા જઈ રહ્યું છે.

ભારત સરકારે ત્યારે આ દાવાને ફગાવી દીધો હતો. ભારતીય વાણિજ્ય સચિવ સુનીલ બર્થવાલે સંસદીય પેનલને જણાવ્યું હતું કે ભારતે અમેરિકા સાથે ટેરિફ ઘટાડવા માટે કોઈ વચન આપ્યું નથી.

ભારત અને અમેરિકા વચ્ચે હજુ પણ વાતચીત ચાલી રહી છે અને હજુ સુધી કોઈ વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. બર્થવાલે કહ્યું હતું કે ટ્રમ્પના દાવાઓ અને મીડિયા રિપોર્ટ્સ પર વિશ્વાસ કરી શકાય નહીં. કોઈપણ વેપાર વાટાઘાટોમાં ભારતનાં હિતોને સંપૂર્ણપણે ધ્યાનમાં લેવામાં આવશે.

ટ્રમ્પની વાત પર વિશ્વાસ ન કરી શકાય તો મોદી સરકારની વાત પર પણ વિશ્વાસ ન કરી શકાય કેમ કે જૂઠું બોલવામાં આ સરકાર પણ કોઈને પહોંચવા દે તેમ નથી. જો કે આપણા માટે એ મુદ્દો બહુ મહત્ત્વનો નથી. આપણા માટે મહત્ત્વની વાત એ જ છે કે, ભારત સરકારે એ વખતે ટેરિફ ઘટાડ્યા નહોતા. માનો કે, કોઈ વચન આપ્યું હોય તો પણ તેનો બહુ અર્થ નથી. ભારત સરકારે ટ્રમ્પને ટેરિફ નહીં લાદવા વચન આપ્યું હશે પણ ટ્રમ્પે ટેરિફ લાદી દીધા પછી ભારત પણ એ વચન પાળવા બંધાયેલું નથી.

ભારત માટે હવે મોટો સવાલ ટેરિફની અસરોને ખાળવાનો છે. મીડિયાનો એક વર્ગ મોદી સરકારને ખુશ કરવા માટે ટેરિફની બહુ અસર ના થઈ એવી વાતો ચલાવે છે. આ વાતો ખોટી છે અને ગેરમાર્ગે દોરનારી છે કેમ કે ભારતનું અર્થતંત્ર એવું ખમતીધર છે જ નહીં કે આ પ્રકારના આંચકાઓને પચાવી શકે. જે દેશ કોઈ પણ ઉત્પાદન માટેના કાચા માલ માટે પણ બીજા દેશ પર નિર્ભર હોય એ દેશ આવી વાતો કરે એ મિથ્યાભિમાન કહેવાય. આ મિથ્યાભિમાન દેશ માટે ઘાતક છે તેથી બહાર ભલે આ પ્રકારની વાતો કરાય પણ મોદી સરકારે ટેરિફની અસરોને ખાળવા માટે શું કરવું એ માટે ગંભીરતાથી વિચારવું જ પડે. ટેરિફના કારણે ભારતની નિકાસને અસર થશે તેમાં મીનમેખ નથી. નિકાસને અસર થાય એટલે રોજગારીને અસર થાય કેમ કે વિદેશમાં ઓછો માલ ખપે એટલે ભારતમાં ઉત્પાદન ઘટે. નિકાસ ઘટે એટલે વિદેશી હૂંડિયામણ ઘટે ને વિદેશી હૂંડિયામણ ઘટે એટલે રૂપિયો ગગડવા માંડે. રૂપિયો ગગડે એટલે ક્રુડ ઓઈલ સહિતની ચીજો ખરીદવા વધારે રૂપિયા ખર્ચવા પડે ને સરવાળે બધો ભાર કન્યાની કેડ પર આવે. મતલબ કે સામાન્ય લોકોએ તેની કિંમત ચૂકવવી પડે કેમ કે મોંઘવારી વધે.

આ વિષચક્રને રોકવા માટે મોદી સરકારે પગલાં લેવાં જરૂરી છે. તેના માટે અમેરિકાના માલ પર ટેરિફ ઘટાડવાનાં પગલાં લેવાં પડે તો એ પણ લેવાં જોઈએ. તેના કારણે ભારતની કંપનીઓને નુકસાન થાય પણ આ નુકસાન કઈ રીતે ઓછામાં ઓછું થાય એ જોવું જોઈએ. અસલી મુત્સદ્દીગીરી તેમાં જ છે.

બીજો રસ્તો બીજા દેશો તરફ નિકાસને વાળવાનો છે. અમેરિકાના ટેરિફથી બધા ત્રસ્ત છે તેથી બીજા દેસોને પોતાનો માલ ખપાવવા બજારની જરૂર છે જ. ભારત એ બજાર આપે ને સામે ભારતનો માલ ખપે એવાં બજાર મળે તો બધાંનાં હિતો સચવાશે ને ટેરિફના વારને ખાળી શકાશે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૪–૪–૨૦૨૫
વાસંતી દુર્ગા પૂજા (બંગાળ)

- ભારતીય દિનાંક ૧૪, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ –૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ–૭
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન,માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯–૧૯ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬–૪૭, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૨૧ (તા. ૫)
- ઓટઃ સવારે ક. ૦૯–૫૩, રાત્રે ક. ૨૩–૦૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – સપ્તમી. વાસંતી દુર્ગા પૂજા (બંગાળ), ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦–૧૩.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શીવ પૂજા, રાહુ પૂજા, અગરનાં ઔષધીય પ્રયોગો, ઔષધ ઉપચાર, વિદ્યારંભ,લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, શ્રી વિનાયક, શ્રી વિષ્ણદ્વલક્ષ્મી પૂજા, સૂર્ય પૂજા, અગ્નિ પૂજા, ઉંબરાનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ શુભ, રાજ્યાભિષેક, પાટ–અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા, કળશ પતાકા ચઢાવવી. આભૂણ વસ્રો, નિર્માણ, બી વાવવું, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, બાળકને અન્નપ્રાશન, સ્થાવર લેવડદેવડ ખેતીવાડી, પશુ લેવડદેવડ, પ્રાણી પાળવાં.
- આચમનઃશુક્ર–હર્ષલ અર્ધત્રિકોણ નિર્ણયોમાં તિવ્રતા
- ખગોળ જ્યોતિષઃશુક્ર–હર્ષલ અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, માર્ગી મંગળ–કર્ક, વક્રી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, વક્રી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર ■

ઈન્ડો-પેસિફિકમાં મુક્ત, ખુલ્લા, સર્વસમાવેશક અને નિયમ આધારિત ઑર્ડરને ભારત અને થાઈલૅન્ડનો ટેકો

બૅંગકોકઃ બંને દેશના સંબંધો વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે લઈ જવાનો ભારત અને થાઈલૅન્ડે ગુરુવારે નિર્ણય લીધો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે બંને દેશ ઈન્ડો-પેસિફિકમાં મુક્ત, ખુલ્લા, સર્વસમાવેશક અને નિયમ આધારિત ઑર્ડરને ટેકો આપે છે.

બંને દેશ વિસ્તારવાદ નહીં, પરંતુ વિકાસવાદની નીતિને ટેકો આપે છે, એમ તેમણે કહ્યું હતું.

પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક બાદ થાઈલૅન્ડના વડા પ્રધાન પૅન્ટોન્ગટાર્ન શિનાવાત્રા સાથે પત્રકારોને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે બંને દેશના સંબંધો વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે લઈ જવાનો ભારત અને થાઈલૅન્ડે નિર્ણય લીધો છે.

પ્રવાસન ઉદ્યોગ, સાંસ્કૃતિક અને શિક્ષણ સહિતના ક્ષેત્રમાં સહકાર પર અમે ભાર મૂક્યો છે. પરસ્પર વેપાર, રોકાણ વગેરેને પ્રોત્સાહન આપવાને મુદ્દે પણ અમે ચર્ચા કરી હતી, એમ તેમણે કહ્યું હતું.

એમએસએમઈ, હેન્ડલુમ અને હસ્તકલા જેવા ક્ષેત્રમાં સહકાર અંગેના કરાર પણ કરવામાં આવ્યા છે. ભારતની 'ઍક્ટ ઈસ્ટ' પૉલિસી અને ઈન્ડો-પેસિફિક વિઝનમાં થાઈલૅન્ડ વિશેષ સ્થાન ધરાવે છે, એમ મોદીએ કહ્યું હતું. બંને દેશની સુરક્ષા એજન્સીઓ વચ્ચે વ્યૂહાત્મક વાટાઘાટ શરૂ કરવા અંગે પણ મુલાકાત દરમિયાન ચર્ચા કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. એશિયન યુનિટી અને એશિયન સેન્ટ્રાલિટીને ભારત સંપૂર્ણ સમર્થન આપે છે.

મારી થાઈલૅન્ડની મુલાકાત દરમિયાન તેમણે રામાયણના ૧૮મી સદીના ભીતચિત્ર આધારિત ટપાલ ટિકિટ બહાર પાડી તે બદલ હું થાઈલૅન્ડની સરકારનો આભાર માનું છું, એમ તેમણે કહ્યું હતું.

શિનાવાત્રાએ મને ત્રિપિતાકા ભેટમાં આપી હતી જેનો બુદ્ધની ધરતી ભારત વતી મેં હાથ જોડીને સ્વીકાર કર્યો હતો, એમ મોદીએ કહ્યું હતું.

સદીઓ જૂના ભારત અને થાઈલૅન્ડના સંબંધો સંસ્કૃતિ અને આધ્યાત્મિક તાણાવાણાથી જોડાયેલા છે. બૌદ્ધ ધર્મના પ્રસારે બંને દેશના લોકોને દરેક સ્તરે જોડ્યા છે, એમ તેમણે કહ્યું હતું. ૨૮ માર્ચે આવેલા ભૂકંપમાં જીવ ગુમાવનારાઓ અને તેમનાં પરિવારજનો પરત્વે મોદીએ ભારત વતી સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. ઈજાગ્રસ્તો વહેલા સાજા થઈ જાય તે માટે તેમણે પ્રાર્થના કરી હતી.

બે ઑફ બેંગાલ ઈનિશિયેટિવ ફોર મલ્ટિ સેક્ટોરલ ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (બિમસ્ટેક)ની છઠ્ઠી શિખર પરિષદમાં હાજરી આપવા મોદી બે દિવસની થાઈલૅન્ડની મુલાકાતે ગયા હતા.

થાઈલૅન્ડથી મોદી શ્રીલંકાની મુલાકાતે જશે. નવા પ્રમુખની ચૂંટણી બાદ મોદીની શ્રીલંકાની આ પહેલી મુલાકાત હશે. (એજન્સી) ■

દિલ્હીમાં ફટાકડા પરના પ્રતિબંધમાં રાહત આપવાની સુપ્રીમ કોર્ટની 'ના'

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે દિલ્હી – એનસીઆરમાં ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પરના પ્રતિબંધમાં રાહત આપવાનો ગુરુવારે ઇનકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે દેશની રાજધાનીમાં હવાનું પ્રદૂષણ બહુ જ હોવાથી હાલમાં ફટાકડા પરના પ્રતિબંધમાં રાહત આપવી અયોગ્ય ગણાય. ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ન્યાયાધીશ ઉજ્જવલ ભુઇયાંની બેન્ચે જણાવ્યું હતું કે ફટાકડાથી દિલ્હીમાં હવાનું પ્રદૂષણ વધે છે અને જનતાના આરોગ્ય પર તેની માઠી અસર થાય છે.

તેણે જણાવ્યું હતું કે દિલ્હીમાંના હવાના પ્રદૂષણને ધ્યાનમાં રાખીને છેલ્લા છ મહિના દરમિયાન ફટાકડા પર પ્રતિબંધ મૂકતા અનેક આદેશ અપાયા હતા. બેન્ચે જણાવ્યું હતું કે જનતાને પ્રદૂષણ-મુક્ત વાતાવરણમાં રહેવાનો અને આરોગ્ય સારું રાખવાનો અધિકાર છે. જ્યાં સુધી કહેવાતા ગ્રીન-ક્રેકર્સ (ઓછું પ્રદૂષણ ફેલાવતા ફટાકડા)ના દાવાથી સંતોષ નહિ થાય ત્યાં સુધી અગાઉના સંબંધિત આદેશ અંગે ફેરવિચારણા કરવાનો સવાલ જ ઊભો નથી થતો. (એજન્સી) ■

અનુરાગ ઠાકુરની ટિપ્પણથી મારી પ્રતિષ્ઠાને નુકસાન-રાજીનામું આપેઃ મલ્લિકાર્જુન ખડગે

નવી દિલ્હીઃ રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે લોકસભામાં અનુરાગ ઠાકુર દ્વારા તેમના પર લગાવવામાં આવેલા આરોપોને પાયાવિહોણા ગણાવતા કહ્યું કે આ ટિપ્પણીઓએ તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું છે. તેમણે ભાજપના સાંસદને પોતાના આરોપો સાબિત કરવા અથવા રાજીનામું આપવા પડકાર ફેંક્યો હતો.

રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા કૉંગ્રેસ અધ્યક્ષે જણાવ્યું કે ભાજપના સાંસદને નીચલા ગૃહમાં વક્ફ બિલ પર ચર્ચા દરમિયાન કરેલી અપમાનજનક ટિપ્પણી પાછી ખેંચવાની ફરજ પડી હતી. પરંતુ નુકસાન થઇ ગયું છે એમ ખડગેએ કહ્યું હતું. તેમણે આ મુદ્દે ઠાકુર તેમજ રાજ્યસભામાં ગૃહના નેતા જે પી નડ્ડા પાસેથી પણ માફીની માગ કરી હતી.ખડગેએ જણાવ્યું કે ગઇકાલે અનુરાગ ઠાકુરે લોકસભામાં મારા પર સંપૂર્ણપણે ખોટા અને પાયાવિહોણા આરોપો લગાવ્યા હતા. જ્યારે મારા સાથીદારોએ તેમને પડકાર ફેંક્યો ત્યારે તેમને તેમની અપમાનજનક ટિપ્પણી પાછી ખેંચવાની ફરજ પડી હતી. પરંતુ નુકસાન થઇ ચૂક્યું છે. કૉંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે ટિપ્પણી પાછી ખેંચવા છતાં તે મીડિયા અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફરતી રહી હતી.

ખડગેએ જણાવ્યું કે મને આજે ઊભા થઇને અનુરાગ ઠાકુર દ્વારા લગાવવામાં આવેલા પાયાવિહોણા આરોપોની નિંદા કરવાની ફરજ પડી છે. હું ગૃહના નેતા પાસેથી માફીની આશા રાખું છું. ■

ઈમિગ્રેશન ઍન્ડ ફૉરેનર્સ બિલને લોકસભામાં મંજૂરી

નવી દિલ્હીઃ ઈમિગ્રેશન એન્ટ્રી અને ભારતમાં વિદેશીઓના સ્ટેનું નિયમન કરવાને લગતા ઈમિગ્રેશન ઍન્ડ ફૉરેનર્સ બિલને બુધવારે રાજ્યસભામાં મંજૂરી આપવામાં આવી હતી. અગાઉ ઈમિગ્રેશન ઍન્ડ ફૉરેનર્સ બિલ ૨૦૨૫ને ૨૭મી માર્ચે લોકસભામાં મંજૂરી આપવામાં આવી હતી.

રાજ્યસભામાં બુધવારે ધ્વની મતથી આ ખરડાને મંજૂરી આપવામાં આવી હતી. ખરડા અંગે ચર્ચાને મામલે જવાબ આપતાં રાજ્યકક્ષાના ગૃહ બાબતોના પ્રધાન નિત્યાનંદ રાયે ગેરકાયદે સ્થળાંતરીઓને દેશમાં ઘૂસણખોરી કરવા અને મતદાર યાદી તેમ જ રેશન કાર્ડમાં તેમના નામનો સમાવેશ કરવા પ્રોત્સાહિત કરવાને મામલે અગાઉની કૉંગ્રેસ અને બંગાળની ટીએસી સરકાર પર આક્રમક પ્રહાર કર્યા હતા. ■

અમેરિકાએ લાદેલા રેસિપ્રોકલ ટૅરિફની ભારત સમીક્ષા કરશેઃ નાણાં મંત્રાલય

નવી દિલ્હી : અમેરિકાએ ભારત પર લાદેલા રેસિપ્રોકલ (જેવા સાથે તેવા) ટેરિફ અને એની અસરની સમીક્ષા કરી રહ્યું છે, એમ નાણાં ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન પંકજ ચૌધરીએ કહ્યું હતું.

તેમણે પીએફઆરડીએએ યોજેલા ઈવેન્ટની પાર્શ્વભૂમિમાં કહ્યું હતું કે (ડોનલ્ડ) ટ્રમ્પ માટે અમેરિકા ફર્સ્ટ છે એમ મોદી માટે ઈન્ડિયા ફર્સ્ટ છે. અમે અમેરિકાએ લાદેલા રેસિપ્રોકલ ટેરિફની અસરો તપાસીશું.

તેની ભારત પરની અસર વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે આની સમીક્ષા થઈ રહી છે.

અમેરિકાએ ભારત પર ૨૭ ટકા રેસિપ્રોકલ ટેરિફ ઝીંકવાની જાહેરાત કરતા કહ્યું હતું કે નવી દિલ્હીએ અમેરિકન વસ્તુઓ પર ઊંચા આયાતી વેરા નાખ્યા છે અને ટ્રમ્પ પ્રશાસનનો હેતુ દેશની વેપારી ખાધ ઘટાડવા અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે.

આ ટેરિફથી ભારતની અમેરિકામાં થતી નિકાસ પર અસર પડશે. જોકે નિષ્ણાતો કહે છે કે ભારતની જેમ બીજા સ્પર્ધકો પર પણ ટેરિફ લગાડવામાં આવ્યા હોવાથી ભારત ટેરિફનો સામનો કરવા બહેતર સ્થિતિમાં છે.

પ્રમુખ ટ્રમ્પે ઐતિહાસિક પગલાંમાં વૈશ્વિક રીતે અમેરિકન માલ પર લાગતી ઊંચી ડ્યૂટીનો પ્રતિકાર કરવા ૬૦ દેશ પર રેસિપ્રોકલ ટેરિફ લગાડ્યા છે.

ભારતે ગુરુવારે સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે વાણિજય મંત્રાલય અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફની અસરોનો સાવચેતીપૂર્વક અભ્યાસ કરી રહ્યું છે અને એ ઘરેલુ ઉદ્યોગ સહિતના બધા હિતધારકો તથા નિકાસકારો પાસે માહિતી માગી રહ્યું છે.

નિવેદનમાં વધુમાં જણાવામાં આવ્યું હતું કે પારસ્પરિક લાભદાયી બહુક્ષેત્રીય દ્વિપક્ષીય વેપાર કરારને ઝડપથી કરવા ભારત અને અમેરિકાની વેપાર ટીમ વચ્ચે મંત્રણા ચાલુ છે. (એજન્સી) ■

વક્ફ બિલઃ જેડી (યુ)ના બે નેતાનાં રાજીનામાં

નવી દિલ્હીઃ વક્ફ બિલને જનતા દળ (યુ)એ સમર્થન આપ્યા બાદ મુસ્લિમ નેતાઓમાં નારાજગી ફેલાઈ ગઈ હતી અને પક્ષના બે નેતા મોહમ્મદ નવાઝ મલિક તેમ જ ડૉ. કાસિમ અન્સારીએ ગુરુવારે પક્ષમાંથી રાજીનામું આપી દીધું હતું. ડૉ. અન્સારી પક્ષના વરિષ્ઠ નેતા અને બિહારના પૂર્વ ચંપારણ જિલ્લાની ઢાકા વિધાનસભા બેઠક પરથી પક્ષના ઉમેદવાર રહી ચુક્યા છે. અન્સારીના રાજીનામાંથી બિહારના રાજકારણમાં ગરમાટો આવી ગયો છે. અન્સારીનો રાજીનામું આપવાનો નિર્ણય જેડી (યુ)-ખાસ કરીને મુસ્લિમ સમુદાય સાથે જોડાયેલા નેતાઓમાં અસંતોષના સંકેત આપે છે. નીતીશકુમારને રાજીનામું સુપરત કરતાં તેમણે કહ્યું હતું કે અમારા જેવા લાખો-કરોડો ભારતીય મુસલમાનોનો અતૂટ વિશ્વાસ હતો કે તમે સેક્યૂલર વિચારધારાના શુદ્ધ વાહક છો, પરંતુ હવે એ ભરોસો તૂટી ગયો છે. વક્ફ બિલ અંગે જેડી (યુ)એ અપનાવેલા વલણથી કરોડો સમર્પિત મુસલમાનોને આઘાત લાગ્યો છે. વક્ફ બિલ ભારતીય મુસલમાનોની વિરુદ્ધ છે. કોઈપણ રીતે અમે તેનો સ્વીકાર નહી કરીએ. ■

અમેરિકાએ લાદેલી ૨૭ ટકા ટૅરિફ ભારતીય ઉત્પાદકો માટે પડકારજનક

નવી દિલ્હીઃ અમેરિકાએ ભારત પર લાદેલી ૨૭ ટકા ટેરિફ ભારતીય ઉત્પાદકો માટે પડકારજનક હોવાનું નિકાસકારોની સંસ્થા ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (એફઆઈઈઓ)એ કહ્યું હતું. જોકે તેમણે કહ્યું હતું કે આ મામલે ભારતની સ્થિતિ પ્રતિસ્પર્ધી દેશો કરતાં ઘણી સારી છે.

એફઆઈઈઓના પ્રમુખ એસ. સી. રાલ્હને કહ્યું હતું કે ટેરિફની અસરને નિવારવા કપડાં, જેમ્સ ઍન્ડ જ્વેલરી, લેધર, ઈલેક્ટ્રોનિક્સ, કેમિકલ્સ, પ્લાસ્ટિક અને ફર્નિચર સહિતના ક્ષેત્રોની નિકાસ અન્ય દેશોમાં વાળવામાં આવે એવી શક્યતા છે.

વિયેતનામ (૪૬ ટકા), ચીન (૩૪ ટકા), ઈન્ડોનેશિયા (૩૨ ટકા) જેવા મુખ્ય પ્રતિસ્પર્ધી દેશોને જોતાં ટેરિફને મામલે ભારત (૨૭ ટકા)ની સ્થિતિ પ્રમાણમાં સારી છે.

ભારત અને અમેરિકા વચ્ચે સમયસર કરવામાં આવેલા દ્વિપક્ષી વેપાર કરાર ટેરિફને મામલે ભારતીય નિકાસકારોને રાહત પૂરી પાડવામાં નિર્ણાયક પુરવાર થશે.

આ કરાર ટેરિફના પડકારનો ઉકેલ લાવવા માળખું રચવા માટે સહાયરૂપ થશે અને એકપક્ષી ટેરિફે કે વળતો ટેરિફ લાદવા જેવી બાબતના જોખમને ઓછું કરશે. બંને દેશ આ કરારને મામલે વાટાઘાટ કરી રહ્યા છે અને સપ્ટેમ્બર-ઓક્ટોબરના પ્રથમ તબક્કાના આરંભ અગાઉ વાટાઘાટ મારફતે આ સમસ્યાનો ઉકેલ લાવવાનું અને વર્ષ ૨૦૨૩૦ સુધીમાં ગુડ્સ, ઍન્ડ સર્વિસનો બિઝનેસ હાલના ૧૯૧ અબજ ડૉલરથી વધારીને બમણા કરતાં વધુ એટલે કે ૫૦૦ અબજ ડૉલર કરવાનું તેમનું લક્ષ્ય છે. ભારત અમેરિકાની વસ્તુઓ પર ભારે ટેરિફ લગાડતું હોવાનું જણાવી અમેરિકાએ ભારત પર ૨૭ ટકા ટેરિફ લાદ્યો છે. નવ એપ્રિલથી નવો ટેરિફ લાગુ પડશે.

વિશ્વના મોટાભાગના દેશો પર ટેરિફ લાદીને દેશની વેપારી ખાધ ઘટાડવાનું અને ઉત્પાદનને વેગ આપવાનું ટ્રમ્પ વહીવટીતંત્રનું લક્ષ્ય છે. (એજન્સી) ■

આસામનો સર્વોચ્ચ એવૉર્ડ રાણાપ્રતાપ કાલિટાને એનાયત કરાયો

ગુવાહાતીઃ આસામના રાજ્યપાલ લક્ષ્મણપ્રસાદ આચાર્યે ગુરુવારે રાજ્યનો સર્વોચ્ચ નાગરિક એવૉર્ડ 'આસામ બૈભવ' લેફટનન્ટ જનરલ (નિવૃત્ત) રાણાપ્રતાપ કાલિટાને એનાયત કરાયો હતો. અહીંના શ્રીમંત શંકરદેવ કલાક્ષેત્રમાં સમારોહ યોજાયો હતો.

બીજા નંબરનો ઊંચો એવૉર્ડ 'આસામ સૌરભ' છ વિચક્ષણ હસ્તીઓને એનાયત કરવામાં આવ્યો હતો. ત્રીજી કક્ષાનો એવૉર્ડ 'આસામ ગૌરવ' ૧૩ વ્યક્તિ અને ત્રણ સંસ્થાને એનાયત કરવામાં આવ્યો હતો. આ બધાને તેમના ક્ષેત્રમાં આપેલા ભવ્ય અને ઉલ્લેખનીય યોગદાન આપવા બદલ એવૉર્ડ એનાયત કરાયો હતો.

સંરક્ષણ, શિક્ષણ, વિજ્ઞાન અને તંત્રજ્ઞાન, કળા અને સંસ્કૃતિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ, એન્ટ્રીપ્રેનરશિપ, ઈકો ટુરિઝમ અને વન્યજીવ સંરક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાંથી આ પ્રતિષ્ઠિત ગૌરવ મેળવનારાઓ આવે છે.

આસામ બૈભવ એવૉર્ડ લેફ. જનરલ લક્ષ્મણપ્રસાદને સંરક્ષણમાંના યોગદાન માટે આપવામાં આવ્યો છે. તેઓ ઈસ્ટર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડીંગ-ઈન-ચીફ તરીકે નિમણૂક પામનાર ઈશાન ભારતની પ્રથમ વ્યક્તિ છે.

ટાટા કન્સલટન્સીના ભૂતપૂર્વ સીઈઓ અને એમડી સુબ્રમણિયમ રામદુરાઈને ક્ષિક્ષણ ક્ષેત્રમાં, ડૉક્ટર બપ્પી પોલ અને ડૉક્ટર પૂર્બી સૈકિયાને વિજ્ઞાન અને તંત્રજ્ઞાનમાં અને ગાયક દ્વીપેન બરૂઆ અને નાટ્યકાર હેમંત દત્તને કળા અને સંસ્કૃતિમાં યોગદાન આપવા બદલ આસામ સૌરભ સમ્માન મળ્યું છે. ■

પહેલા પાનાનું ચાલુ

અમેરિકાના

ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પની ટેરિફને લગતી જાહેરાતને લીધે બીજા દિવસે નાણાં-બજારે આંચકો અનુભવ્યો હતો. અમેરિકામાં ગુરુવારે વાયદા-બજાર ત્રણ ટકા નીચે ગયું હતું. એશિયાના દેશોમાં ટોક્યોનું શૅરબજાર સૌથી વધુ નીચે ગયું હતું. ખનિજ તેલના ભાવમાં બેરલ દીઠ બે ડૉલર કરતાં વધારે ઘટાડો થયો હતો અને બિટકોઇનના ભાવમાં ૪.૪ ટકાનો કડાકો બોલ્યો હતો.

ચીને તુરંત અમેરિકાથી પોતાને ત્યાં આયાત કરવામાં આવતી ચીજો પરના ટેરિફમાં વધારો કરવાની જાહેરાત કરી હતી.

અમેરિકા દ્વારા ચીનથી આયાત કરાતા ૪૩૮ અબજ ડૉલરના માલસામાન પર ૩૪ ટક